સુવિચાર : સમય, સંપત્તિ અને શક્તિ આ ત્રણેયને ખોટા માર્ગે જતી અટકાવવા માંગો છો? તો અન્યને પ્રભાવિત કરવાની વૃત્તિથી મનને મુક્ત કરો - જનકલ્યાણ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૭૮ | ૨૮ મે, ૨૦૧૫, ગુરૂવાર ; જેઠ સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦




દેશભરમાં આકરી ગરમીથી મૃતાંક ૧૫૦૦થી વધુ

Page-6

# સેકટરોના સરકારી દવાખાના બંધ કરવા વિચારણા

## આરોગ્ય સેવાઓ કોર્પોરેશનને સોંપાશે તો સિવીલના આધુનિકરણ અને સઘનીકરણ બાદ સબસેન્ટરો માટે આ જગ્યા ફાળવવામાં આવશે : હાલ આ દવાખાનાઓમાં ઓપીડી નહિવત છે

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર શહેરના વિવિધ સેકટરોમાં આવેલા સરકારી દવાખાનાઓમાં ઓ.પી.ડી. નહિ હોવાના કારણે તે બંધ કરવાની દિશામાં સક્રિય વિચારણા હાથ ધરવામાં આવી છે.

૧૧ જેટલા વિવિધ સેકટરોમાં આવેલા સરકારી દવાખાનાઓમાં ઓપીડીના કેસોની સંખ્યા નહિવત જણાઈ છે. આ ઉપરાંત શહેરમાં હવે મહાનગરપાલિકાના ચાર અર્બન સેન્ટરો કાર્યરત કરાયા હોવાથી આ સરકારી દવાખાના બંધ કરવા માટે સરકાર દ્વારા ગંભીરતાથી સક્રિય વિચારણા ચાલી રહી છે અને એકાદ માસમાં આખરી નિર્ણય લેવાઈ જશે.

ગાંધીનગર સિવીલ હોસ્પિટલનું આધુનિકરણ અને સેવાઓના સઘનીકરણ બાદ હવે ત્યાં ઓ.પી.ડી.ના કેસો વધી રહ્યા છે. શહેરના વિવિધ સેકટરોમાં જે સરકારી દવાખાના ચાલે છે તેમાં ઓ.પી.ડી. નહિવત છે આ ઉપરાંત આ દવાખાનાઓમાં મરામત જાળવણી અને નિભાવણી પાછળનો ખર્ચ વધતો જાય છે.

આરોગ્ય વિભાગના કર્મચારીઓની સિવીલમાં એક તરફ ઘટ છે અને બીજી તરફ આ દવાખાનાઓમાં કર્મચારીઓ સમય વ્યય કરતા હોય તેવી સ્થિતિ છે. આથી સત્તાવાળાઓએ ગંભીર વિચારણા હાથ ધરી છે.

આ ઉપરાંત અહીં દવાઓનો ખર્ચ પણ સરકારને ભારે પડી રહ્યો છે. વણવપરાયેલી દવા તેમજ ડોકટરો દ્વારા બહારથી દવાઓ લખી આપવામાં આવતી હોવાથી પણ સરકારને ભારણ વધી રહ્યું છે. રાજ્ય સરકાર એક તબક્કે ગાંધીનગર શહેર માટે અલાયદી આરોગ્ય નીતિ તૈયાર કરવાનું પણ વિચારતી હતી તો એક તબક્કે આ દવાખાનાઓને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનો દરજ્જો આપવાની હીમાયત કરાઈ હતી.

હવે આગામી દિવસોમાં શહેરની આરોગ્ય સેવાઓનું હસ્તાંતરણ કરવાનું થશે.

● અનુસંધાન પાન-૭ પર



મધુરતાની મથામણ - એક નાનકડી મધમાખી પુષ્પમાંથી ગળપણ શોધીને મધપૂડો બનાવે... જે મધપૂડાનું મધ માનવજાત માટે ઉપકારક બને... કેવી સૂક્ષ્મ સેવા અને તે પણ નાનકડા અવતાર દ્વારા માનવના મોટા અવતાર સુધી સેવાના માધ્યમથી પહોંચવાની ક્ષમતા પ્રગટ થાય છે... મધમાખીની મથામણ મધુરતાની હોય છે... મધુરતા મેળવવાની હોય છે અને તે પણ માનવ માટે એ મધ એકત્ર કરે છે... નાનો જીવ, મોટા જીવની મધુરતા માટે કોઈપણ જાતના અહંમ્ સિવાય સ્વેચ્છાએ શ્રમ કરે છે... પરમ તત્વની અલૌકિક રચનાની અનુભૂતિ આપણને આ તસવીર દૃશ્યમાન થાય છે... (તસવીર : કશ્યપ નિમાવત)

# હવે શહેરી વિસ્તારોમાં આંતર માળખાકીય કામોના લોકાર્પણ બે તબક્કામાં યોજાશે

ગાંધીનગર, તા. ૨૭

ગ્રામ્ય વિસ્તારમાં ગતિશીલ ગુજરાતમાં થયેલા વિકાસ કામોના લોકાર્પણ બાદ હવે સરકાર દ્વારા શહેરી વિસ્તારોમાં પણ આવા લોકાર્પણના કામોના કાર્યક્રમો બે તબક્કામાં કરશે.

મળતી વિગતો પ્રમાણે ૨૯ થી ૩૧ મે અને ૫ થી ૭ જૂન દરમ્યાન શહેરી વિસ્તારોમાં આ લોકાર્પણના કાર્યક્રમો યોજવાનું આયોજન કરવા માટે તંત્રને સૂચના આપી દેવામાં આવી છે.

શહેરી વિકાસ વિભાગ દ્વારા મળતી વિગતો પ્રમાણે દરેક નગરપાલિકા અને મહાનગરપાલિકાને આ અંગે તાત્કાલિક અહેવાલ મોકલવા જણાવાયુ છે. રૂ. પાંચ કરોડથી વધારે રકમના કામોનું લોકાર્પણ મંત્રીઓની ઉપસ્થિતિમાં યોજવા માટે તાકીદ કરવામાં આવી છે.

આ માટે દરેક મંત્રીઓને જિલ્લાઓની ફાળવણી પણ આજે કરી દેવામાં આવી હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે તેમજ ખાસ કરીને પાણી અને ગટરના આંતર માળખાકીય કામોને અગ્રતા આપવા અને ખાતવિધિના કાર્યક્રમો યોજવા જણાવાયુ છે.

શહેરી વિસ્તારોને સ્લમ ફ્રી સીટી તરીકે ડેવલપ કરવાની સાથે આંતર માળખાકીય કામો પર પણ ભાર મુકવામાં આવે તેવો આગ્રહ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત શિક્ષણ, આરોગ્ય વિભાગના કાર્યક્રમો પણ યોજવા માટે ખાસ સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાકક્ષાએ યોજાયેલ બાળ ચિત્ર સ્પર્ધાના વિજેતાઓને પુરસ્કાર આપવા સહિતના કાર્યક્રમો માટે શિક્ષણ વિભાગને ખાસ સૂચના આપવામાં આવી છે.


TET-1/ 2 ની તમામ બેચમાં

પ્રવેશ સંપૂર્ણ બંધ છે.

દરેક બેચમાં મર્યાદિત સંખ્યા તથા કામની શ્રેષ્ઠ ગુણવત્તાને લક્ષમાં લઇ હાલ ચાલતી તમામ બેચમાં પ્રવેશ આપી શકાય તેમ નથી, તે બદલ ક્ષમા અર્ચના..



આપ સૌએ સંસ્થા પર સંપૂર્ણ વિશ્વાસ મુકી મને સહકાર આપ્યો તથા મારા ઉત્સાહમાં સતત વધારો કરી રહ્યા છો. તે બદલ આપ સૌનો અંતઃ કરણપૂર્વક આભાર માનું છું.

- આપનો ઋણાનુરાગી રાજુભાઈ પટેલ

નોંધ : પ્રવેશ માટે રૂબરૂ મુલાકાત કરવી નહી તથા ફોન પર પણ પૂછપરછ ન કરવા વિનંતી

વિવેકાનંદ એકેડમી

677, મુખ્ય શોપીંગ સેન્ટર, ઇન્કમટેક્ષ ઓફિસ સામે, સેક્ટર-22, ગાંધીનગર.

Email : vivekanandacademy2012@gmail.com | info@vivekanandacademy.org

Website : www.vivekanandacademy.org



જીએસપીસી ગેસ કંપની લિમિટેડ

\+

ગુજરાત ગેસ કંપની લિમિટેડ

=

ગુજરાત ગેસ લિમિટેડ

GUJARAT GAS

ભારતની સૌથી વિશાળ સિટિ ગેસ ડિસ્ટ્રિબ્યુશન કંપની

- ૧૦.૨૩ લાખ ઘરેલુ ગેસ વપરાશકારો
- ૧૪,૦૦૦થી વધુ ઔદ્યોગિક અને કોમર્શિયલ ગ્રાહકો
- ૨૩૦ CNG સ્ટેશનો
- દૈનિક ૬.૫ MMSCMD નેચરલ ગેસનું વેચાણ
- ૧૩,૦૦૦ કિમી. ગેસ પાઈપલાઈન નેટવર્ક
- ૬૦૦થી વધુ શહેરો/ગામોમાં સતત અને અવિરત ગેસ પૂરવઠો

અમારા માનવંતા ગ્રાહકોને વિનંતી છે કે વધુ માહિતી માટે www.gujaratgas.com અથવા અમારી સ્થાનિક કચેરીનો સંપર્ક કરો.

ગતિશીલ ગુજરાત, વાયબ્રન્ટ ગુજરાત

Gujarat Gas Limited (A Group Company of GSPC - Government of Gujarat Undertaking) (Formerly known as GSPC Distribution Networks Limited)



ચાલો... ચાલો... ચાલો... અન્નપૂર્ણાધામ અડાલજ

લેઉવા પાટીદારોના સ્વમાન - ગૌરવનું શ્રધ્ધાતીર્થ

શ્રી અન્નપૂર્ણાધામ અડાલજ





માનનીય મુખ્યમંત્રી

શ્રીમતી આનંદીબેન પટેલના વરદ્ હસ્તે

શિલાન્યાસ વિધિ : તા. ૨૮-૫-૨૦૧૫ને ગુરૂવાર

સમય : સવારે ૯-૦૦ થી ૧૨-૩૦ કલાકે - મહાપ્રસાદ : બપોરે ૧૨-૩૦ કલાકે

સ્થળ: સ્વામિનારાયણ ફાર્મ સામે, અડાલજ-કોબા રોડ, અડાલજ

સૌજન્ય :

અશોકભાઈ ચતુરભાઈ પટેલ, પ્રમુખશ્રી (ગાંધીનગર)

કાલિદાસભાઈ વિઠ્ઠલભાઈ પટેલ, ઉપપ્રમુખશ્રી (ગાંધીનગર)

ગિરિશ પટેલ, મંત્રીશ્રી (ગાંધીનગર)

જગદીશભાઈ ચીમનભાઈ પટેલ, ઉપપ્રમુખશ્રી (ગાંધીનગર)

રમેશભાઈ કાશીભાઈ પટેલ, ખજાનચી (ગાંધીનગર)

જગદીશકુમાર કેશવલાલ પટેલ, સહમંત્રી (મુબારકપુર)

ભરતભાઈ નારણભાઈ પટેલ, સહમંત્રી (મુબારકપુર)

સરદાર પટેલ સેવા સમાજ, ગાંધીનગર